સમાચારનો સાચો પ્રભાવ

# સત્ય સર્મપણ NEWS

સોશિયલ મીડિયા આવૃત્તિ

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com



આપના મોબાઈલમાં સત્ય સર્મપણ મેળવવા ઈચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

તંત્રી : કિશ પઢારિયા | સહતંત્રી : મયુરસિંહ જાડેજા | Date : 30-8-2025 | Saturday | Page : 8 | Year : 1 | Issue : 238 | Price : 2/-

# પંચમહાલના હાલોલમાં આભ ફાટ્યું, ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદથી જળબંબાકાર

## તંત્ર દ્વારા લોકોને સાવચેતી રાખવા અને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી





પાટણ, તા. ૩૦: ભાદરવાની શરૂઆતથી જ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લાના હાલોલમાં ભારે વરસાદ નોંધાયો છે. આજે વહેલી સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં માત્ર ૬ કલાકમાં જ ૯ ઈંચ વરસાદ ખાબકતા હાલોલના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. મુખ્ય માર્ગો પર પણ પાણી ફરી વળતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે અને જનજીવન ઠપ્પ થઈ ગયું છે. આણંદ જિલ્લાના ઉમરેઠમાં પણ ભારે વરસાદ નોંધાયો છે. અહીં ૫ ઈંચ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા છે, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે વહેલી સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૬૬ તાલુકામાં મેઘમહેર જોવા મળી છે.છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૨૯ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ તાપી જિલ્લાના ડોલવણમાં ૬.૩૪ ઈંચ નોંધાયો છે.ભારે વરસાદના કારણે ડાકોર-નડિયાદ રોડ પર પણ પાણી ભરાયા છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી રહી છે.

ભારે વરસાદના કારણે હાલોલમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વાહનો રસ્તામાં ફસાઈ ગયા છે. તંત્ર દ્વારા લોકોને સાવચેતી રાખવા અને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી છે, જેથી તંત્ર દ્વારા એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે.

ગુજરાતમાં હજુ સુધી સિઝનનો ૮૮ ટકા જેટલો વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં ૪૩ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૦૩ તાલુકામાં ગુરૂવારે મેઘમહેર થઈ હતી. જેમાં તાપીના ડોલવણમાં બે કલાકમાં પાંચ સહિત સૌથી વધુ ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા હજુ સાત દિવસ ગુજરાતમાં ભારે વરસાદ માટે એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે આગામી એક સપ્તાહ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે જ માછીમારોને આગામી ૭ દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના પણ આપવામાં આવી છે.


# ટ્રમ્પને ઘરઆંગણે જ મળ્યો ઝટકોઃ મોટાભાગના ટેરિફને ગેરકાયદે ઠરાવતી યુએસ ફેડરલ કોર્ટ



વોશિંગ્ટન, તા. ૩૦: યુએસ ફેડરલ અપીલ કોર્ટે ગઈકાલે કટોકટી સત્તા હેઠળ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા મોટાભાગના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા. આ નિર્ણયને ટ્રમ્પની વેપાર નીતિ પર સીધો ફટકો માનવામાં આવી રહ્યો છે અને હવે તેના પર આગામી કાનૂની લડાઈ સુપ્રીમ કોર્ટમાં થવાની સંભાવના છે.

વોશિંગ્ટન ડીસી સ્થિત યુએસ કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ફેડરલ સર્કિટે ૭-૪ના નિર્ણયમાં જણાવ્યું હતું કે, કાયદો રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિમાં રાષ્ટ્રપતિને ઘણા પગલાં લેવાની મંજૂરી આપે છે, પરંતુ તેમાં ટેરિફ અથવા ડ્યુટી લાદવાની સ્પષ્ટ સત્તા શામેલ નથી. ન તો તેમને કર લાદવાનો અધિકાર છે. કોર્ટે કહ્યું કે ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક શક્તિ અધિનિયમ (IEEPA) હેઠળ પોતાની સીમાઓ ઓળંગી છે, જે ૧૯૭૭નો કાયદો છે જે પરંપરાગત રીતે પ્રતિબંધો અને સંપત્તિ જપ્તી માટે ઉપયોગમાં લેવાય છે. આ નિર્ણય એપ્રિલમાં ટ્રમ્પ દ્વારા તેમના વેપાર યુદ્ધના ભાગ રૂપે લાદવામાં આવેલી પારસ્પરિક ફરજોને લાગુ પડે છે. તે ફેબ્રુઆરીમાં ચીન, કેનેડા અને મેક્સિકો પર લાદવામાં આવેલા ટેરિફને પણ લાગુ પડે છે. જો કે, સ્ટીલ અને એલ્યુમિનિયમ જેવા અન્ય ટેરિફ જે અલગ કાયદા હેઠળ લાદવામાં આવ્યા હતા તે નિર્ણયથી પ્રભાવિત થશે નહીં.

ટ્રમ્પ વહીવટીતંત્રે દલીલ કરી હતી કે IEEPA હેઠળ આયાતને નિયંત્રિત કરવાની શક્તિ ટેરિફ લાદવા સુધી વિસ્તરે છે. પરંતુ કોર્ટે આ દલીલને ફગાવી દીધી, કહ્યું કે કાયદામાં ટેરિફ અથવા ડ્યુટીનો પણ ઉલ્લેખ નથી, ન તો તેના માટે કોઈ સ્પષ્ટ પ્રક્રિયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે કોર્ટના તે નિર્ણય પર પલટવાર કર્યો, જેમાં તેમની મોટા ભાગની ટેરિફ નીતિને ગેરકાયદેસર ઠેરવવામાં આવી છે. ટ્રમ્પે કહ્યુ કે તેમની ટેરિફ પોલિસી યથાવત છે અને તે આ મામલાને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. ટ્રમ્સે સોશિયલ મીડિયા પર લખ્યું, બધા ટેરિફ હજુ પણ લાગૂ છે! એક પક્ષપાતી અદાલતે ખોટી રીતે કહ્યું કે અમારા ટેરિફ હટાવવા જોઈએ, પરંતુ અંતે જીત અમેરિકાની થશે. તેમણે ચેતવણી આપી કે જો ટેરિફ હટાવવામાં આવશે તો આ દેશ માટે પૂર્ણ આપદા હશે, જેનાથી અમેરિકા આર્થિક રીતે નબળું પડી જશે.




# સીલ વિના બંધ KNOCKOUT ગેમઝોનમાં કાયદાનો ગોલમાલ!

રાજકોટ તા ૩૦: લોકોમાં હવે એક જ સવાલ છે તંત્રને સીલ કરવું નથી કે સીલ કરવા દેવું નથી?ગેમઝોન ચલાવવા માટે જરૂરી ફાયર ગધઈ વગર લોકોની જાન જોખમમાં મૂકી ગેમઝોન ખૂલી રહ્યું હતું. છતાં તંત્ર આંખો મીંચીને બેઠું રહ્યું. જ્યારે નાનાં દુકાનદાર કે સામાન્ય નાગરિક નિયમ તોડે તો તરત જ તાળાં મારી દેતાં તંત્ર મોટા ગેમઝોન મુદ્દે ચૂપ શા માટે છે?આ ઉપરાંત જગ્યા કોમર્શિયલ ઉપયોગ માટે મંજૂરી કોણે આપી? પ્લાનિંગ પેકમાં મુકાઈને પણ ફાયર સેફ્ટી સહિતના નિયમોના અમલ વગર પ્લાન કેવી રીતે પાસ થયો? આ પ્રશ્નો સીધા તંત્રની કાર્યશૈલી અને ઈમાનદારી પર આંગળી કરે છે.

હાલ Knockout ગેમઝોન બંધ છે, પણ સીલ વગરનું બંધ કોઈ પણ ક્ષણે ફરીથી ખૂલવાની શક્યતા રાખે છે. એટલે તંત્રની કાર્યવાહી અડધે રસ્તે અટકી ગઈ છે. લોકો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે આ તો કાયદાનો મજાક છે, જનતાની સલામતી સાથે સીધો ખેલ છે. તંત્ર તરત જાગે, ગેમઝોનને કડકાઈથી સીલ કરે અને કાયદો કાગળ પર નહીં પણ હકીકતમાં અમલમાં આવે. જનતા તંત્ર પર આક્ષેપ કરી રહી છે કે આજે જે ચૂપ છે તે કાલે મોટા અકસ્માત માટે જવાબદાર હશે.

**નિયમ Knockout, સુરક્ષા Knockout - ગેમઝોન 'સેફ'**

**રાજકોટના Knockout ગેમઝોન મુદ્દે તંત્રની અજોડ નિષ્ક્રિયતા અને શંકાસ્પદ વલણ હવે ખુલ્લેઆમ ચર્ચાનો વિષય બન્યું છે. હાલ ગેમઝોન બંધ છે, પણ કાયદેસર સીલ મારવાની કાર્યવાહી તંત્રે આજદિન સુધી કરી નથી**







# વાડીનાર પોલીસે માર માર્યાના આક્ષેપ બાદ યુવકનું ઝેર પી મોત, પરિવારજનોએ ન્યાયની માંગ કરી







રાજકોટ તા.૩૦: દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર વિસ્તારમાં પોલીસની હિંસક હરકતો સામે ગંભીર આક્ષેપો થયા છે.

થોડા દિવસ પહેલા વાડીનાર પોલીસે દારૂ પીધેલી હાલતમાં બે યુવાનોને ઝડપી પાડ્યા હતા. પોલીસે બંનેને કથિત રીતે ઠેરઠેર લાઠીચાર્જ કરી માર માર્યો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે પોલીસે એક યુવાનને વધુ પડતો માર માર્યો હતો. મારની પીડા અને માનસિક આઘાત સહન ન થતાં આ યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને સારવાર માટે જામનગર ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું. મૃતકના પરિવારજનો એ સ્પષ્ટ માંગ કરી છે કે જ્યારે સુધી જવાબદાર પોલીસકર્મીઓ સામે કાયદેસરની ફરિયાદ અને કડક કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં.

**પોલીસકર્મીઓ સામે કાયદેસરની ફરિયાદ અને કડક કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી પરિવારજનોની મૃતદેહ નહીં સ્વિકારવાની ચીમકી**

આ બનાવને પગલે વાડીનાર પોલીસ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ તંત્ર પર અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિક સ્તરે ભારે ચકચાર મચી છે અને લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

# સરકારની ઈચ્છાશક્તિના અભાવે સાયબર ફ્રોડથી લૂંટાતી જનતા



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા



કરોડો રૂપિયાના બેન્ક ફ્રોડમાં સામાન્ય પ્રજાને અને પીડિતને બેજવાબદાર ઠેરવવામાં આવે છે પણ હકિકતે તો તંત્રની ઉદાસિનતા અને સરકારની ઈચ્છા શક્તિનો અભાવ જ આવા ગુનાઓને ઉત્તેજન અને પ્રોત્સાહન આપી રહ્યો છે : બેન્કોમાં ખાતાધારકે પોતે પૈસા ઉપાડવા હોય, ટ્રાન્સફર કરવા હોય તો અનેક પ્રૂફ આપવા પડે છે, બેન્કના કોઈપણ કામ માટે વરસમાં બે-ચાર વાર કેવાયસી કરવું પડે છે પણ પ્રજાના પૈસા ઓવળી જનારાને બેન્કમાં કોઈ પૂછતું ય નથી અને તેના વિશે કોઈ જાણતું ય નથી : મતે એડવાન્સ એઆઈ ટુલ્સને ખરીદીને તેના દ્વારા ધારીએ તે કામ કરાવી શકાય છે. હેકર્સ દ્વારા પણ આવી જ રીતે લોકોના એકાઉન્ડની વિગતો, પાસવર્ડ, કોન્ટેક્ટ, કાર્ડની વિગતો, સંસ્થાઓની ફાઈલો, સરકારી વિભાગોના કાર્યોની ફાઈલો, આર્થિક વિગતો વગેરે મેળવવામાં આવ્યા હતા : પોસ્ટરોમાં સુરક્ષાની પબ્લિસિટી કરતી સરકારે પાંચ વર્ષમાં ૧૮ લાખ ફરિયાદોમાં કામ કર્યું અને અંદાજે માત્ર ૫૫૦૦ કરોડની રકમનું ફ્રોડ થતું અટકાવ્યું, બીજી તરફ ૨૦૨૪ માં જ ૨૩,000 કરોડનું ફ્રોડ થઈ ગયું છે તો પાંચ વર્ષના કેસ અને છેતરપિંડીનો આંકડો વિચારી પણ શકાય તેમ નથી.

આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા તાજેતરમાં એક અહેવાલ રજૂ કરાયો છે. તેમાં ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે, સાઈબર ક્રાઈમ કરનારા ગુનેગારો દ્વારા હવે બેન્ક ફ્રોડ અને અન્ય આર્થિક છેતરપિંડીઓ માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હેકર્સ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી લોકોની સાથે આર્થિક છેતરપિંડીઓ કરવામાં આવી રહી છે. એઆઈ ક્લાઉડ સિસ્ટમ તથા જનરેટિવ એઆઈ અને ઓપન એઆઈનો ઉપયોગ કરીને ગુનેગારો દ્વારા વર્ચ્યુઅલ માયાજાળ ફેલાવવામાં આવે છે જેમાં લોકો ફસાય છે અને લાખો-કરોડો રૂપિયા ગુમાવી દે છે. હાલમાં વેબ માધ્યમોમાં ઉપલબ્ધ પેઈડ અને ફ્રી એઆઈ ટુલ્સ દ્વારા વિવિધ માહિતી અને કામગીરીઓ તૈયાર કરવામાં આવે છે અને તેના આધારે ખાતાધારકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં અમેરિકાની એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપનીએ દાવો કર્યો હતો કે, આધુનિક એઆઈ ક્લાઉડ સિસ્ટમનો ઉપયોગ કરીને કેટલાક હેકર્સ દ્વારા અમેરિકી ૧૭ જેટલી મોટી સરકારી એજન્સીઓ અને કંપનીઓ સાથે ફ્રોડ કરવામાં આવ્યું છે. નકલી ઈમેલ આઈડી, કોડ, નોકરીની અરજીઓ, પેમેન્ટ લિન્ક અને તસવીરો જેવી બાબતો દ્વારા લોકોને અને એજન્સીઓને ફસાવવામાં આવ્યા હતા. હાલમાં ઉલબ્ધ વિવિધ પેઈડ અને ફ્રી એઆઈ ટુલ્સ દ્વારા તેમણે વિવિધ લુપહોલ્સ બનાવીને તેનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો. જાણકારોના મતે એડવાન્સ એઆઈ ટુલ્સને ખરીદીને તેના દ્વારા ધારીએ તે કામ કરાવી શકાય છે. હેકર્સ દ્વારા પણ આવી જ રીતે લોકોના એકાઉન્ડની વિગતો, પાસવર્ડ, કોન્ટેક્ટ, કાર્ડની વિગતો, સંસ્થાઓની ફાઈલો, સરકારી વિભાગોના કાર્યોની ફાઈલો, આર્થિક વિગતો વગેરે મેળવવામાં આવ્યા હતા. તપાસ અધિકારીઓએ તો દાવો પણ કર્યો હતો કે, હેકર્સ હવે એઆઈના એડવાન્સ પેઈડ વર્ઝન ખરીદીને લોકોની સાથે સાઈબર ફ્રોડ અને આર્થિક ફ્રોડ કરવા ઉપરાંત તેમને નોટિસ મોકલીને ગભરાવે પણ છે. તેઓ ખંડણીની નોટિસ પણ એઆઈ દ્વારા જનરેટ કરીને મોકલાવે છે. નવાઈની વાત એ છે કે, ખંડણી માટે કેવી રીતે વસુલી કરવી, કેવી રીતે ધમકી આપવી, કેવા શબ્દોનો ઉપયોગ કરીને નોટિસ મોકલાવવી તેના માટે પણ હવે એઆઈનો ઉપયોગ થવા માંડયો છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાની એડવાન્સ ટેક્નોલોજી અને સરકારના સબળ પ્રયાસ છતાં લોકો સાથે કરોડોના સાઈબર ફ્રોડ થાય છે. તેમના ખાતાઓ અને કાર્ડમાંથી લાખોની રકમની તફડંચી થઈ જાય છે. તેમની સાથે છેતરપિંડી થઈ જાય છે. ભારતમાં તો આ સ્થિતિ અંત્યત ખરાબ છે. જુલાઈમાં જ સંસદના સત્ર દરમિયાન કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે જ ભારતમાં નાગરિકોના અંદાજે ૨૨,૯૦૦ કરોડ રૂપિયા સાઈબર ફ્રોડ દ્વારા પચાવી પાડવામાં આવ્યા છે. લોકો સાથે ૨૩ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી થાય અને સરકારને ખબર જ ન હોય કે કોણ કરે છે અને કોના દ્વારા થાય છે. જાણકારો માને છે કે, સરકારની આળસ, બેદરકારી અને લોકોના રક્ષણ પ્રત્યેના આંખ મિચામણાં જવાબદાર છે. કેન્દ્ર સરકાર અને બેન્કોની ઢીલી નીતિ અને લોકોને અંધારામાં રાખવાની જે ભાવના છે તેના કારણે જ લોકોને મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

નવાઈની વાત એવી છે કે, બેન્કો ધારે તો એક વ્યક્તિના ખાતામાંથી એક પૈસો પણ ક્યાંય જઈ શકે તેમ નથી. જો કે બેન્ક આવું કશું જ ધારતી નથી. બેન્કોમાં લાલીયાવાડી એવી ચાલે છે કે, લોકો લાઈનોમાં ઊભા રહેવામાં વ્યસ્ત છે અથવા તો પોતે જીવે છે અને જીવતી હાલતમાં જ બેન્કમાં આવ્યા છે તેની ખરાઈ આપવામાં હેરાન પરેશાન થઈ જાય છે. સામાન્ય વ્યક્તિ પોતાના ખાતાના જ પૈસા ઉપાડવા માટે બેન્કોમાં ધક્કા ખાય છે, વરસમાં બે-ત્રણ વખત કેવાયસી કરાવવા ધક્કા ખાય છે. કાર્ડ બ્લોક થઈ ગયું કે યુપીઆઈ બંધ થઈ ગયું તો તેના માટે ધક્કા ખાવાના, તેના માટે અરજી કરવાની, ફરી કેવાયસી કરવાનું અને પછી ખાતું ચાલું થાય. બેન્કોનું વલણ છે કે, નાનો માણસ પૈસા લેવા આવે તો કેવાયસી કરવાની અને મોટો માણસ ઉચાપત કરવા આવે તો તેને લાલ જાજમ પાથરી આપવાનું અને તે ભાગી જાય પછી સરકાર સામે રોદણા રડવાના અને નાના માણસોના પૈસા નુકસાનીના નામે દબાવી રાખવાના. ઠગ અને મળતિયા ઉદ્યોગપતિઓ લાખો કરોડો રૂપિયા લોનના નામે સેરવી જાય તો જવા દેવાના પણ નાનો માણસ પાંચ લાખની લોનમાં એક હપતો ચૂકી જાય તો ઘર અને વાહન લઈ લેવા માટે વસુલી કરનારા મોકલી દેવાના. તેનું જીવવાનું મુશ્કેલ બનાવી દેવાનું.

# ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનો બગડવાની ઉઠતી ફરિયાદો

ગુજરાતમાં આજકાલ ચારેબાજુ એક જ ચર્ચા ચાલી રહી છે અને એ છે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનની ટાંકી બગડી જાય છે. આ સંબંધિત એક પેટ્રોલ પંપનો ફોટો પણ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં લખ્યુ છે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવેલું છે, ઈથેનોલ પાણીમાં દ્રાવ્ય છે, જે વાહનના ઈંધણ ટાંકીમાં પાણી/ભેજ હોય તો સમસ્યા ઊભી કરી શકે છે, તેથી તમારે સમયાંતરે વાહનની પેટ્રોલ ટાંકી સાફ કરાવવી જોઈએ. પેટ્રોલ પંપ પરના આ પોસ્ટરથી વાહનચાલકોનું મીટર ચાલું થઈ ગયું છે. વાહનચાલકો ગોથે ચડ્યા છે કે હવે આ પેટ્રોલની ટાંકી વળી ક્યાં સાફ કરાવવી?.

વાહનચાલકોની મૂંઝવણને જોતાં દિવ્ય ભાસ્કરે ગુજરાતનાં શહેરોમાં પેટ્રોલ પંપ પરની સ્થિતિ જાણી, વાહનચાલકોને પૂછ્યું કે તેમણે સરકારના આ નિર્ણયને કેવી રીતે જોઈ રહ્યા છે. તો બીજી તરફ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનને કેટલું નુકસાન થશે એ વિશે મિકેનિકલ એક્સપર્ટ, ઓટો એક્સપર્ટ, પેટ્રોલ પંપ એસોસિયેશનના પ્રમુખ અને વાહનચાલકોના અભિપ્રાય જાણવાનો પ્રયાસ કર્યો. એમાં મિકેનિકલ અને ઓટો એક્સપર્ટ પાસેથી જાણવા મળ્યું છે કે જો તમારું વાહન વર્ષ ૨૦૨૦ પહેલાંનું હશે તો તમારા વાહનની એવરેજ ઘટી શકે છે.

ભારતમાં પેટ્રોલના વધતા ભાવ અને ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા માટે ઈથેનોલ બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અંગે મિકેનિકલ વિભાગના પ્રોફેસર ડો.નિકુલ પટેલે જણાવ્યું, શેરડીમાંથી બનતા મોલાસિસમાંથી ઈથેનોલ બનાવીને પેટ્રોલમાં બ્લેન્ડ કરવામાં આવે છે. હાલમાં સરકાર અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) દ્વારા ૨૦% ઈથેનોલ બ્લેન્ડિંગ (E20)ની પહેલ ચાલી રહી છે.

ડો. પટેલે એન્જિનની કેપેસિટી અંગે જણાવ્યું, ૨૦૨૩ પછીના BS-6 એન્જિન E20 ફ્યૂઅલ માટે સંપૂર્ણ સુસંગત છે, જોકે ૨૦૨૦થી ૨૦૨૩ની વચ્ચેના એન્જિન માત્ર ૧૦% ઈથેનોલ બ્લેન્ડ (E10) માટે સુસંગત હતા. ૨૦૨૦ પહેલાંના એન્જિનમાં E20 ફ્યૂઅલનો ઉપયોગ ફ્યૂઅલ સપ્લાય સિસ્ટમ અને પાઈપ્સને નુકસાન પહોંચાડી શકે છે. આવા એન્જિનના માલિકોએ વાહન ઉત્પાદકોની સલાહ લેવી જરૂરી છે, કારણ કે અયોગ્ય ફ્યૂઅલનો ઉપયોગ એન્જિનની વોરંટીને અસર કરી શકે છે.

ઈથેનોલ બ્લેન્ડિંગથી ફ્યૂઅલ ટાંકીમાં નુકસાનની શક્યતા અંગે ડો.પટેલે જણાવ્યું કે ઈથેનોલ વાતાવરણની ભેજ સાથે પ્રતિક્રિયા કરી શકે છે. E20 ફ્યૂઅલનો ઉપયોગ કરવાથી વાહનનું માઈલેજ ૨થી ૮% ઘટી શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ કાર પ્યોર પેટ્રોલ પર ૨૦ કિલોમીટર પ્રતિ લિટરનું માઈલેજ આપતી હોય તો E20 ફ્યૂઅલ સાથે એ ૧થી ૧.૫ કિલોમીટર પ્રતિ લિટર ઘટી શકે છે.

ડો.પટેલના જણાવ્યા અનુસાર, જો ઈથેનોલનો ભાવ લિટરદીઠ ₹૬૫ હોય તો ૨૦% ઈથેનોલ બ્લેન્ડિંગથી પેટ્રોલનો ભાવ લિટરદીઠ ₹૬ સુધી ઘટી શકે છે, જોકે હાલમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવના આધારે પેટ્રોલનો ભાવ ₹૯૫ પ્રતિ લિટર નક્કી કરે છે, જેમાં આ લાભ ગ્રાહકોને મળતો નથી.

આ મુદ્દે સુરતના ઓટો એન્થિયાસિસ્ટ લિનેશ શાહે જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૨૫થી સરકાર દ્વારા પેટ્રોલમાં ઈથેનોલ ૨૦% ફરજિયાત કરવામાં આવ્યું છે. એ પહેલાં ૫% અને ત્યાર બાદ ૧૦% હતું. સૌથી મોટો ફેરફાર એવરેજનો પડી રહ્યો છે. ઈથેનોલથી થતી અસર, જેવી કે જૂનાં વ્હીકલ છે એટલે કે BS-4 અને BS-6 ૨૦૨૩ પહેલાં બનેલાં છે. કમ્પોનન્ટ કમ્પ્લેઈસ એટલા ન હોવાથી પેટ્રોલની ટાંકીમાં સડો લાગવો, પેટ્રોલની નળી ડીગ્રેડ થવી, ફ્યૂઅલ ઈન્જેકટરમાં પણ સમસ્યા થવાની શક્યતા રહેલી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે પહેલાં તો કાર્બોરેટરવાળાં એન્જિન આવતાં હતાં. હવે ગાડીમાં પ્રોબ્લેમ આવી શકે છે. સરકારને એટલું જ નિવેદન છે કે જ્યાં સુધી અમારા જૂના વાહન ફેજ આઉટ ન થઈ જાય ત્યાં સુધી ઊ૦ અથવા ઊપ પેટ્રોલ આપવામાં આવે. આ મામલે પેટ્રોલિયમ મિનિસ્ટર અને પ્રધાનમંત્રી સહિતનાને રજૂઆત કરવામાં આવી છે. પેટ્રોલ પંપ ડીલર એસોસિયેશન)એ જણાવ્યું હતું કે પેટ્રોલમાં ઈથેનોલ પહેલાં ૫% હતું, ત્યાર બાદ ૧૦% થયું અને હવે ૨૦% થઈ ગયું છે. સરકારને ફાયદો થાય એમાં અમને કોઈ વાંધો નથી. હૂંડિયામણની બચત થાય એવી ઈચ્છા દેશના દરેક નાગરિકને હોય છે.


## ‘ઈથેનોલ ૨૦% મિક્સ થવાને કારણે પેટ્રોલ સસ્તું થવું જોઈએ’

તેમણે જણાવ્યું હતું કે ઈથેનોલ ૨૦% મિક્સ થવાને કારણે પેટ્રોલ સસ્તું થવું જોઈએ. બંનેના પંપ પણ અલગ હોવા જોઈએ અને ગ્રાહકોને સસ્તું જોઈએ છે. ગાડીના એન્જિનને નુકસાન થાય છે કે નહીં એ પણ જોવું જોઈએ. બધાં એન્જિન ઈથેનોલ પેટ્રોલ માટે બનાવ્યાં હોતાં નથી. હાલમાં સરકારે એવું કરવું જોઈએ કે ગાડીઓ બનાવનાર કંપનીઓને કહેવું જોઈએ કે ઈથેનોલ મિક્સ પેટ્રોલનો ઉપયોગ કરી શકાય એવાં એન્જિન બનાવવા જોઈએ. ઈથેનોલ મિક્સ પેટ્રોલ હોવાથી એવરેજ ઓછી થઈ શકે છે.

## ‘દરિયાકાંઠાના વિસ્તારમાં પેટ્રોલમાં ઈથેનોલ મિક્સ ન કરવું જોઈએ’

પેટ્રોલમાં જ્યારે ૫% ઈથેનોલ મેળવતા હતા ત્યારે પણ એક એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે દરિયાકાંઠાના વિસ્તાર કે ભેજવાળા વિસ્તાર વિસ્તારોમાં પેટ્રોલમાં ઈથેનોલ મિક્સ ન કરવું જોઈએ. હવામાં ભેજનું પ્રમાણ વધુ હોય છે, એના લીધે પેટ્રોલથી ઈથેનોલ છૂટું પડી જાય છે. તેના કારણે ગ્રાહકો અને ડીલરો વચ્ચે માથાકૂટ થાય છે.



# રિબડા પેટ્રોલપંપ પર ફાયરીંગ કરનાર શાર્પ શૂટરોને હથીયાર આપનાર રાજકોટના કુખ્યાત બે શખ્સોની ધરપકડ

### ગોંડલ તાલુકા પોલીસે હત્યાના પ્રયાસમાં જેલમાં રહેલ પરેશ અને ઈમરાનની ધરપકડ કરી

રાજકોટ. તા.૩૦: રિબડા પેટ્રોલપંપ પર ફાયરીંગ કરનાર શાર્પ શૂટરોને હથીયાર આપનાર રાજકોટના કુખ્યાત બે શખ્સોની ગોંડલ પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. રાજકોટની પેંડા ગેંગનો સાગરીત પરેશ ગઢવીએ એડવોકેટ રવિ ગમારાના કહેવાથી હથીયારની વ્યવસ્થા કરી આપી, શાર્પ શૂટરોને ઈમરાન કાદરી આપવા ગયો હોવાનો ખુલાસો થયો હતો.

બનાવ અંગે તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે ગોંડલના રીબડા ગામે આવેલ રીબડા પેટ્રોલીયમ પર બે બુકાનીધારી શખ્સો ડબલ સવારીમાં બાઈકમાં ઘસી આવી પાછળ બેસેલ શખ્સ દ્વારા પોતાની પાસે રહેલ હથીયારથી પેટ્રોલપંપ પર હાજર કર્મચારીને જાનથી મારી નાખવાના ઈરાદે એક રાઉન્ડ ફાયરીંગ કરી બાઈકમાં નાશી જઈ ગુન્હો કર્યા બાબતની ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે બે અજાણ્યા






બુકાનીધારી શખ્સો વિરુદ્ધ બીએનએસ એકટ ૧૦૯, ૫૬ તથા આર્મ્સ એકટ હેઠળ ગુન્હો દાખલ કરી તપાસ આદરી હતી.

જે ગુન્હાના કામે એલસીબીની ટીમે ઉત્તરપ્રદેશથી ચાર શખ્સોને પકડી લીધાં બાદ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગુનાનો મુખ્ય સૂત્રધાર હાર્દિકસિંહ જાડેજાને પણ કેરળથી દબોચી લીધો હતો. જે અગાઉ સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, તે આરોપીઓની ઉંડાણપુર્વક તપાસ કરી ગુન્હામા સંડોવાયેલ મદદગારી કરનાર સહ આરોપીઓને શોધી કાઢવાની રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલ સુચનાથી અગાઉ પકડાયેલ આરોપી રાજકોટના એડવોકેટ રવિ લાલજી ગમારા તથા નિશાંત ધર્મેન્દ્ર રાવલની તપાસ દરમ્યાન ગુન્હામાં વપરાયેલ હથીયાર (પીસ્ટલ) ફાયરીંગ કરવા આવેલ આરોપીઓને રવી ગમારાએ રાજકોટના આરોપી પરીક્ષીત ઉર્ફે પરેશ ઉર્દૂ પરીયો રાજુભાઈ બળદા દ્વારા મોકલેલ હોવાનુ તપાસ દરમ્યાન ખુલવા પામેલ હતું.

જે આરોપી પરીક્ષીત ઉર્ફે પરેશ ઉર્દુ પરીયો ભક્તિનગર પોલીસ મથકના હત્યાના પ્રયાસના ગુનામાં જેલમાં હોય જે આરોપીનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી તપાસ કરતા ફાયરીંગ કરવા આવેલ આરોપીઓને હથીયાર (પીસ્ટલ) આપવા પોતાના મીત્ર ઈમરાન હાસમ સૈયદ (કાદરી) ને શાપર ખાતે આવેલ પુલ નીચે હથીયાર (પીસ્ટલ) આપવા મોકલાવેલ હોવાની કબૂલાત આપતાં આરોપી ઈમરાન હાસમ સૈયદની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપી પરીક્ષિત ઉર્ફે પરેશ વિરુદ્ધ રાજકોટના અલગ અલગ પોલીસ મથકમાં હત્યાના પ્રયાસના બે સહિત ૧૨ ગુના તેમજ ઈમરાન સૈયદ વિરુદ્ધ ૨૧ ગુના નોંધાયેલ છે.

# રિબડા અમીત ખૂંટ આપઘાત પ્રકરણઃ સ્યુસાઇડ નોટનો રીપોર્ટ પોઝિટિવ, આરોપીઓને રાહત નહીં મળે

### ગઈકાલે એફએસએલ દ્વારા રિપોર્ટ ગ્રામ્ય પોલીસને સોંપાતા કોર્ટમાં રજૂ કરી દેવાયો, અનિદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ રિબડા અને રહીમ મકરાણીને પકડવા ખાસ ટીમો બનાવાઈ

રાજકોટ. તા.૩૦: રિબડા અમીત ખૂંટ આપઘાત પ્રકરણમાં તપાસે ગતી પકડી છે અને સ્યુસાઇડ નોટનો રીપોર્ટ એફએસએલ દ્વારા ગ્રામ્ય પોલીસને આપાયો હતો. જે રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ આરોપીઓને રાહત મળી શકે તેવી સંભાવના ઓછી છે. તેમજ આરોપી અનિદ્ધસિંહ જાડેજા, રાજદીપસિંહ રિબડા અને રહીમ મકરાણીને પકડવા ખાસ ટીમો બનાવાઈ છે.

બનાવ અંગે જોઈએ તો રીબડાના અમિત ખૂંટ વિરુદ્ધ ગઈ તા.૩ મે ના રોજ રાજકોટના એ-ડિવિઝન પોલીસ મથકમાં તરૂણીએ દૂષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. તેના બે દિવસ બાદ ગઈ તા.૫ મેના રોજ અમિત ખૂંટે રીબડામાં આવેલી વાડીમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેની પાસેથી પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી હતી. જેમાં તેણે રીબડાના અનિરૂદ્ધસિંહ જાડેજા, તેના પુત્ર રાજદિપસિંહે હનિટ્રેપમાં ફસાવી બદનામ કરતાં આ પગલું ભર્યાનું લખ્યું હતું. જેના આધારે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી રાજકોટમાં દૂષ્કર્મની ફરિયાદ નોંધાવનાર તરૂણી, તેની મહિલા મિત્રની ધરપકડ કરી હતી. ત્યાર બાદ મદદગારીમાં રાજકોટના એડવોકેટ સંજય પંડિત અને ગોંડલના દિનેશ પાતરની પણ ધરપકડ કરી હતી. પોલીસે અમિત ખૂંટની સ્યુસાઈડ નોટમાં તેના જ અક્ષર છે કે કેમ તેની ખરાઈ માટે તેને એફએસએલમાં હસ્તાક્ષર મેચ માટે મોકલી હતી.



જે બાદ ગઈકાલે તેનો અભિપ્રાય આવી જતાં રાજકોટ રૂરલ પોલીસે રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો છે. તે સાથે જ સ્યુસાઈડ નોટના ચોથા પાનાના અક્ષર મેચ નહીં થતાં હોવાની ચર્ચાઓ વહેતી થઈ છે, પરંતુ પોલીસે આ બાબતે કાંઈપણ કહેવાનો ઈન્કાર કરી દીધો છે. તે પહેલાં અનિરૂદ્ધસિંહ જાડેજાએ પણ સ્યુસાઈડ નોટ પાછળથી ઉભી કરી, તેમાં પોતાનું અને પુત્રનું નામ જોડી દેવાયાનો આક્ષેપ કરી સ્યુસાઈડ નોટ સામે સવાલ ઉઠાવ્યા હતા.

રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે કહ્યું હતું કે, એફએસએલનો રિપોર્ટ પોલીસે કોર્ટમાં રજૂ કરી દીધો છે. જેમાં શું છે તે બાબત પોલીસ જણાવી નહીં શકે. ફરિયાદી કે આરોપી પક્ષના લોકો કોર્ટમાં અરજી કરી આ રિપોર્ટ મેળવી શકે છે. આ કેસમાં આજની તારીખે અનિરૂદ્ધસિંહ જાડેજા, તેના પુત્ર રાજદિપસિંહ અને રહીમ મકરાણી આરોપી તરીકે છે. આ ત્રણેયની શખ્સો ફરાર હોવાથી એલસીબી અને ગોંડલ તાલુકા પોલીસની અલગ અલગ ટીમો તેની શોધખોળ કરી રહી છે.

વધુમાં એસપીએ જણાવ્યું હતું કે, રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે, જેથી આરોપીઓને કોઈ રાહત મળી શકે તેવી સંભાવના જોવાઇ રહી નથી. ઉલ્લેખનીય છે કે, અમિત ખૂંટ આપઘાત કેસમાં ગુજરાત સરકારે પણ હસ્તક્ષેપ કર્યો છે અને સરકાર તરફથી સ્પેશિયલ પીપી તરીકે ચિંતન શાહ અને એડિશનલ પીપી તરીકે હિરેન પટેલની નિમણૂક કરવામાં આવી છે.

## રેલનગરમાં રૂપિયા ૨૪ કરોડની ૪૦૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પરથી દબાણનો સફાયો

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા શરૂ કરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે, આજે રાજકોટ શહેર પૂર્વના રેલનગર વિસ્તારમાંથી આશરે રૂ. ૨૪ કરોડની કિંમતની સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

રાજકોટ-૧૧ના રે.સ.નં. ૬૨૫ પૈકી રેલનગર વિસ્તાર, ટી.પી. ૧૯ના એફ.પી. ૨૯/૬ માં આવેલી ૪૦,૦૦૦ ચોરસ મીટર સરકારી ખરાબાની જમીન પર છેલ્લા ઘણા સમયથી થયેલા ખેતી વિષયક દબાણો દૂર કરવામાં આવ્યા. આ દબાણોમાં ગુલાબનું વાવેતર, એક મોટી ઓરડી અને બે નાની ઓરડીઓનું બાંધકામ દૂર કરીને સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.આ દબાણો દૂર કરવા માટે તારીખઃ ૦૨/૦૮/૨૦૨૫ના રોજ દબાણદારોને નોટિસ આપવામાં આવી હતી. જોકે, દબાણદારો દ્વારા દબાણ દૂર ન કરતા આખરે આજે મામલતદાર, રાજકોટ શહેર પૂર્વ એ.એમ. જોષી અને તેમની ટીમ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ દબાણ હટાવવાની કામગીરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# ફોન પર કલાકો સ્ક્રોલિંગ કરતાં યુવાનોને મળશે પગાર ! નોકરીનો નવો ટ્રેન્ડ

આધુનિક યુગમાં સ્માર્ટફોન આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયો છે. જાગવું, ફોન જોવો, સ્ક્રોલિંગ કર્યા કરવું, કામ કરતી વખતે પણ વચ્ચે-વચ્ચે ફોનમાં નજર નાંખ્યા કરવી, રાતે સૂતા પહેલા પણ મિનિટો કે કલાકો સુધી સ્ક્રોલિંગ કર્યા કરવું... આવી આદત ઘણાં લોકોને હોય છે. આમ તો ફોનનો આટલી હદનો ઉપયોગ કુટેવ ગણાય, પણ જો કોઈ એમ કહે હવે તમે આ કુટેવમાંથી કમાણી પણ કરી શકો છો, આ કુટેવ ધરાવતાને સારી નોકરી પણ મળી શકે છે, તો તમે માનશો? કદાચ નહીં માનો, પણ આ હકીકત છે. ડૂમસ્ક્રોલિંગ એક સારી કારકિર્દી છે, જેમાં તમારે તમને 'સ્ક્રોલિંગ' કરવા બદલ પગાર મળશે.

### શું છે ડૂમસ્ક્રોલિંગ?

'ડૂમસ્ક્રોલિંગ' શબ્દ 'ડૂમ' અને 'સ્ક્રોલિંગ' એ બે શબ્દોનું મિશ્રણ છે. ડૂમ એટલે 'વિનાશ' અને સ્ક્રોલ એટલે 'કોઈ પ્રકારની વિગતોમાંથી પસાર થવું' એવો થાય છે. આમ, 'ડૂમસ્ક્રોલિંગ'નો અર્થ થાય છે, નુકસાન કરે એવું (નકારાત્મક અથવા દુ:ખદાયક) ડિજિટલ કોન્ટેન્ટ લાંબો સમય જોયા કરવું. વર્ષ ૨૦૧૮ માં પહેલીવાર વપરાયેલો આ શબ્દ વર્ષ ૨૦20 માં કોવિડકાળમાં લોકપ્રિય થયો હતો.

### ડૂમસ્ક્રોલિંગ હાનિકારક છે

કોઈ કુદરતી કે માનવસર્જિત આપત્તિ સર્જાય ત્યારે એના વિશે જાણી લેવાની આપણને સૌને ઉત્સુકતા જાગે છે. શરૂઆતમાં આપણે માહિતગાર રહેવા માટે જે-તે ઘટના વિશે જાણવાનો પ્રયાસ કરીએ છીએ, પણ પછી આપણે જાણે એનું વ્યસન થઈ ગયું હોય એમ અનિચ્છાએ પણ એના વિશે જોવા-સાંભળવા લાગીએ, સતત એના વિશે ખણખોદ કર્યા કરીએ, ત્યારે ડૂમસ્ક્રોલિંગની આદત બિનઆરોગ્યપ્રદ બની જાય છે. આ કારણસર તણાવ, ચિંતા અને હતાશામાં વધારો થાય છે. ઈઘટઈઉ-૧૯ રોગચાળા દરમિયાન ડૂમસ્ક્રોલિંગ વ્યાપક બન્યું હતું, ઘરે નવરા બેઠેલા લોકોને એની લત લાગી ગઈ હતી અને હવે એમાંથી છૂટવું મુશ્કેલ થઈ ગયું છે.

### ડૂમસ્ક્રોલિંગ નોકરીનો વિકલ્પ કઈ રીતે બની શકે?

ડૂમસ્ક્રોલિંગની આદત હોવી સારી બાબત નથી ગણાતી, પણ જાણીને નવાઈ લાગે એવી વાત છે કે આધુનિક જમાનામાં હવે કંપનીઓ ડૂમસ્ક્રોલર્સને પણ નોકરી આપવા આગળ આવી રહી છે. મુંબઈ સ્થિત મોન્ક એન્ટરટેઈનમેન્ટના સહ-સ્થાપક વિરાજ શેઠે લિંક્ડઈન પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે તેઓ ડૂમસ્ક્રોલર્સની ભરતી કરી રહ્યા હોવાનું કહ્યું છે. આ પોસ્ટ ખૂબ જ વાયરલ થઈ અને સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગઈ છે. ઘણાં યુઝર્સે આવી નોકરી પણ હોઈ શકે એ બાબતે અવિશ્વાસ વ્યક્ત કર્યો છે, તો ઘણાંએ આ જાહેરાતની મજાક ઉડાવી છે.

### ડૂમસ્ક્રોલર બનવા માટેની લાયકાત શું છે?

ડૂમસ્ક્રોલર તરીકેની નોકરી મેળવવા માટે અમુક શરતોનું પાલન કરવું ફરજિયાત છે. વિરાજ શેઠે મૂકેલી પોસ્ટમાં જણાવ્યું છે કે અરજદારોએ યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ પર તેમણે વિતાવેલા સમય (સ્ક્રીન ટાઈમ)ના સ્ક્રીનશોટ આપવા પડશે, જેથી ખાતરી થઈ શકે કે તેઓ ખરેખર ડૂમસ્ક્રોલર છે. પછી જે લાયક હશે, એમને નોકરી મળશે.

### ડૂમસ્ક્રોલિંગ પણ એક કળા છે!

ઉપરોક્ત નોકરી માટે લાયક ઠરવા માટે બેધ્યાનપણે કરાયેલું ડૂમસ્ક્રોલિંગ માન્ય નથી. ડૂમસ્ક્રોલિંગ પણ એક ગંભીર રીતે કરવાની સ્ક્રોલિંગ કળા છે, જેમાં શેનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે, કોઈ મુદ્દો વાયરલ થયો છે તો એની ઊંડાણપૂર્વકની તપાસ કરવાની અને મહત્ત્વપૂર્ણ અપડેટ્સ તથા સતત થતા ફેરફારો ન ચૂકવા જેવી જવાબદારી નિભાવવાની હોય છે. આ ઉપરાંત કયા સર્જકો અચાનક લોકપ્રિય થાય છે, કયા રીલ ફોર્મેટની નકલ કરાઈ રહી છે અથવા મીમ્સ કેવી રીતે વાઈરલ થાય છે, વગેરે જેવી બાબતો વિશે પણ માહિતગાર રહેવાનું હોય છે. ફક્ત વધારે સ્ક્રોલિંગ નહીં, પણ ક્વોલિટી સ્ક્રોલિંગ કરીને આ દિશામાં કામ કરવાનું હોય છે.

### ડૂમસ્ક્રોલિંગ કારકિર્દીની તક આપે છે

વ્યવસ્થિત ડૂમસ્ક્રોલિંગ કરીને સોશિયલ મીડિયા પર શેની, કેટલી માંગ છે, એનો ખ્યાલ આવે છે. આ એક એવી માહિતી છે જે આજના અર્થતંત્રમાં મૂલ્યવાન સાબિત થાય છે.

### ડૂમસ્ક્રોલિંગ કારકિર્દી કેટલી ટકાઉ?

નિષ્ણાતો ચેતવણી આપતાં કહે છે કે ડૂમસ્ક્રોલિંગને કારકિર્દી તરીકે અપનાવવી એ સમજદારીનો નિર્ણય નથી, કેમ કે એમાં અમુક તમુક વર્ષો આપ્યા પછી જે-તે વ્યક્તિનું ભવિષ્ય શું, એ અત્યારે કઈ શકાય એમ નથી. ટેકનોલોજિકલ આવિષ્કારો સતત થતા રહેતા હોય ત્યારે આ પ્રકારની કામગીરી ટકાઉ કારકિર્દી ન આપી શકે.



## શારીરિક-માનસિક આરોગ્યને પ્રતિકૂળ અસર

ડૂમસ્ક્રોલિંગ માટે દિવસમાં ઓછામાં ઓછા છ કલાક સ્ક્રોલિંગ કરતા રહેવું પડે છે, જેને લીધે વ્યક્તિના શારીરિક અને માનસિક આરોગ્ય, સર્જનાત્મકતા અને શીખવાની ક્ષમતા પર પ્રતિકૂળ અસર થઈ શકે છે. ટૂંકમાં ઘરબેઠા મનગમતું સ્ક્રોલિંગ કરીને નાણાં રળવાની સગવડ આપતું ડૂમસ્ક્રોલિંગ એના બદલામાં તમારું આરોગ્ય બગાડે તેવી પૂરેપૂરી શક્યતા છે.

સત્ય સમર્પણ NEWS
SURAT CITY
Dt. 30/8/2025, SATURDAY


# નેશનલ લેવલ રનર વિધિ કદમને કચરાની ગાડીએ ટક્કર મારતાં મોત

## સુરતમાં મોપેડ પર જિમ જતા સમયે મનપાની ગાડી સાથે અકસ્માત, ડ્રાઈવર પાસે માત્ર લર્નિંગ લાઈસન્સ

સુરત, તા. ૩૦: સુરતમાં નેશનલ લેવલ રનરને જખઈની કચરા ગાડીએ અડફેટે લેતાં મોત થયું છે. પનાસ વિસ્તારમાં મનપાના કચરાના ટેમ્પોચાલકે ૧૯ વર્ષીય નેશનલ લેવલ રનર વિધિ કદમને ટક્કર મારતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. તે મોપેડ પર જિમ જઈ રહી હતી એ સમયે આ અક્સ્માત થયો છે. સમગ્ર મામલે ખટોદરા પોલીસે કચરાની ગાડીના ડ્રાઈવર ૨૨ વર્ષીય ગિરીશની અટકાયત કરી છે. ઉલ્લેખનીય છે કે અકસ્માત કરનાર ડ્રાઈવર પાસે પાકું ડ્રાઈવિંગ લાઈસન્સ ન હતું, તે લર્નિંગ લાઈસન્સ પર જ મનપાનો ટેમ્પો ચલાવી રહ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, મૂળ મહારાષ્ટ્ર અને સુરતના પનાસ ગામ ખાતે વિધિ સંતોષભાઈ કદમ પરિવાર સાથે રહેતી હતી. પરિવારમાં માતા-પિતા અને એક ભાઈ છે. પિતા સિલાઈકામ કરે છે, જ્યારે મોટો ભાઈ ફૂડ કોર્ટ ચલાવી પરિવારને આર્થિક રૂપે મદદરૂપ થઈ રહ્યો છે. વિધિ હાલ બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે





અને નેશનલ લેવલ સુધીના દોડની સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકી છે. વિધિએ ટૂંકી દોડમાં ઘણા એવોર્ડ મેળવ્યા છે. હાલ તે અભ્યાસની સાથે ભટાર ખાતે આવેલા જિમમાં ટ્રેનર તરીકે કામ કરે છે અને ત્યાં પ્રેક્ટિસ પણ કરે છે.

આજે સવારે વિધિ ઘરેથી ઓલા બાઈક લઈને ભટારમાં જિમ પર જઈ રહી હતી. ઘરની નજીક જ પનાસ કેનાલ રોડ પરના સર્વિસ રોડ પર સામેથી પૂરપાટ ઝડપે સુરત મહાનગરપાલિકાની ગાડીએ તેને ટક્કર મારી હતી. વિધિ રોડ પર પટકાઈ હતી અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક નજીકમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ખાનગી હોસ્પિટલમાં વિધિને લઈને પહોંચતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. ત્યાર બાદ વિધિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યારે આ અકસ્માત કરનાર પાલિકાની કચરા ગાડીના ડ્રાઈવરને ખટોદરા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. કચરા ગાડીના ડ્રાઈવર ૨૨ વર્ષીય ગિરીશ અડડની પોલીસે અટકાયત કરી છે.

સુરત મહાનગરપાલિકાની કચરા ગાડીએ અકસ્માત કર્યો છે તે ગાડીના ડ્રાઈવર ગિરીશની પાસે પાકું ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું. લર્નિંગ લાઈસન્સ પર જ મનપાનો ટેમ્પો તે ચલાવી રહ્યો હતો. લાઈસન્સ વગર મનપાની ગાડી કેવી રીતે ચલાવી રહ્યો હતો એ એક સવાલ ઊભો થઈ રહ્યો છે. આ મામલે વધુ તપાસ ખટોદરા પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. વિધિના મોતના પગલે પરિવારે એકની એક દીકરી ગુમાવી છે. વિધિના માતા ૬ મહિના પહેલા ૭૦% દાઝી ગયા હતા. હાલમાં તેઓ ઘરે છે, જ્યારે પિતા હાલ વતન છે. હાલ પરિવારમાંથી મૃતક વિધિનો એક ભાઈ જ હાજર છે. વિધિના મૃતદેહને હાલ સુરત સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં મૂકવામાં આવશે અને આવતીકાલે અંતિમ સંસ્કાર કરવામાં આવે તેવી માહિતી પરિવારજનો દ્વારા આપવામાં આવી છે.

# ૧ લાખથી વધુ શ્રીજીના વિસર્જન સુધીની તૈયારીઃ ૧૪ હજારથી વધુ પોલીસ જવાન તૈનાત

સુરત, તા. ૩૦: સુરત તેના ગતિશીલ ઉદ્યોગો અને તહેવારોની ભવ્ય ઉજવણી માટે જાણીતું છે, ત્યાં ગણેશ ચતુર્થીનું પર્વ ભારે શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે, શહેરમાં અંદાજિત ૧ લાખથી વધુ ગણેશજીની પ્રતિમાઓનું સ્થાપન થયું છે, જેનું વિસર્જન શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં થાય તે માટે સુરત પોલીસે એક વિસ્તૃત અને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. આ વિશાળ આયોજન માનવબળ, આધુનિક ટેકનોલોજી અને તાલમેલનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સુરતમાં ગણેશતોષવને લઈને ૧૪ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત છે. ગત વર્ષે સૈયદપુરામાં પથ્થર મારા અને ઘટના બની હતી જેના પગલે આ પ્રકારના સંવેદનશીલ વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચની ૧૦ ટીમ અને એસઓજી સહિતની અન્ય બ્રાન્ચની ૧૦ ટીમ તમામ લોકો ઘરે પહોંચી જાય ત્યાં સુધી તૈનાત રહે છે.

ગણેશ વિસર્જન માટે કુલ ૨૪ ઓવારાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાંથી ૨૧ કૃત્રિમ તળાવ અને ૩ કુદરતી ઓવારાનો સમાવેશ થાય છે. પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, વિસર્જન માટે ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા છે. ૧ થી ૫ ફૂટ સુધીની નાની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવામાં આવશે,



જ્યારે ૫ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી મોટી પ્રતિમાઓ કુદરતી ઓવારા પર વિસર્જિત થશે. આ સાથે ત્રણ દરિયા કિનારા પર ૧૪ જેટલી મોટી ક્રેઈન દ્વારા અને બોટ દ્વારા વિસર્જન કરવામાં આવશે.

આ ભવ્ય આયોજનમાં સુરક્ષા જાળવવા માટે પોલીસ દળનો વિશાળ કાફલો તહેનાત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૬૫૭૫ પોલીસકર્મીઓ અને ૫૦૦૦ હોમગાર્ડ્સ પણ સુરક્ષાની જવાબદારી સંભાળશે. આ દળોને સહાય કરવા માટે ૧૨ જછ્છ કંપનીઓ પણ તૈનાત કરવામાં આવી છે. પહેલીવાર મહિલા એસઆરપીની ટુકડીને પણ તૈનાત કરવામાં આવી છે. સાથે જ ટ્રાફિકનું સંચાલન સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે ૬૦૦૦ ટ્રાફિક બ્રિગેડના જવાનોને પણ ખાસ ફરજ સોંપવામાં આવી છે. આ વ્યવસ્થાથી વિસર્જન યાત્રા દરમિયાન વાહનવ્યવહારને અડચણ ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

શહેરની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે અન્ય જિલ્લાઓમાંથી પણ વધારાના પોલીસ દળોની મદદ લેવામાં આવી છે. તેમાં ૫ ઉઈડ, ૧૩ અઈડ, ૩૫ ડઈ, ૭૪ ડજઈ, ૬૦૦ પોલીસકર્મીઓ, અને ૩૫૦૦ હોમગાર્ડ્સનો સમાવેશ થાય છે. તેમની સાથે ૮ જછ્છ કંપનીઓની પણ મદદ લેવામાં આવી છે. આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ સુરત પોલીસના આ બંદોબસ્તની એક વિશેષતા છે. સતત હવાઈ દેખરેખ માટે ૨૦ ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવશે. આ ઉપરાંત, ૯૦૦ બોડી વોન કેમેરા અને ૧૨૫ વિડીયો કેમેરાનો ઉપયોગ કરીને દરેક ઘટનાનું રેકોર્ડિંગ કરવામાં આવશે. શહેરના મહત્વના સ્થળોએ ૨૦૦૦ ઈઈઝટ કેમેરા અને ૧૫૦ અઈ કેમેરા પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે લોકોની ચહલપહલ પર સતત નજર રાખશે.

# તા.૮મીથી શ્રાદ્ધ પક્ષનો પ્રારંભ : પિતૃ તર્પણ

રાજકોટ, તા. ૩૦: આ વર્ષે શ્રાદ્ધ પક્ષની શરૂઆત તારીખ ૮ સપ્ટેમ્બરને સોમવાર થી શરૂ થશે અને ૨૧ સપ્ટેમ્બર રવિવારના દિવસે શ્રાદ્ધ પક્ષ પૂર્ણ થશે. આ વર્ષે શ્રાદ્ધ પક્ષમાં સાતમ તિથિનો ક્ષય છે તે ઉપરાંત પૂનમ તિથિના દિવસે ચંદ્રગ્રહણ છે આથી ૧૬ શ્રાદ્ધને બદલે ૧૪ શ્રાદ્ધના દિવસો ગણાશે શ્રાદ્ધ પક્ષમાં તિથિ ઘટે તે શુભ માનવામાં આવે છે આમ આ વર્ષનું શ્રાદ્ધ પક્ષ લોકો માટે સારૂ ગણાશે.

**શ્રાદ્ધ તિથિની વિગત**

(૧) ભાદરવા વદ એકમ ને સોમવાર તા.૮/૯/૨૦૨૫ એકમ તિથિનું શ્રાદ્ધ

(૨) ભાદરવા વદ બીજ ને મંગળવાર તા.૯/૯/૨૦૨૫ બીજ તિથિનું શ્રાદ્ધ

(૩) ભાદરવા વદ ત્રીજ ને બુધવાર તા.૧૦/૯/૨૦૨૫ ત્રીજ તિથિનું શ્રાદ્ધ/ ચોથ તિથિનું શ્રાદ્ધ

(૪) ભાદરવા વદ ચોથ ને ગુરૂવાર તા.૧૧/૯/૨૦૨૫ પાંચમ તિથિનું શ્રાદ્ધ

(૫) ભાદરવા વદ પાચમ ને શુક્રવાર તા.૧૨/૯/૨૦૨૫ છઠ્ઠ તિથિનું શ્રાદ્ધ

(૬) ભાદરવા વદ છઠ્ઠ ને શનિવાર તા.૧૩/૯/૨૦૨૫ સાતમ તિથિનું શ્રાદ્ધ....આ દિવસે સાતમ તિથિ નો ક્ષય છે

(૭) ભાદરવા વદ આઠમ ને રવિવાર તા.૧૪/૯/૨૦૨૫ આઠમ તિથિનું શ્રાદ્ધ

(૯) ભાદરવા વદ નોમ ને સોમવાર તા.૧૫/૯/૨૦૨૫ નોમ તિથિનુ શ્રાદ્ધ સૌભાગ્યવતી સ્ત્રીનુ શ્રાદ્ધ

(૧૦) ભાદરવા વદ દસમ ને મંગળવાર તા.૧૬/૯/૨૦૨૫ દશમ તીથિનું શ્રાદ્ધ

(૧૧) ભાદરવા વદ અગિયારસ ને બુધવાર તા.૧૭/૯/૨૦૨૫ એકાદશી તિથિનું શ્રાદ્ધ

(૧૨) ભાદરવા વદ બારસને ગુરૂવાર તા.૧૮/૯/૨૦૨૫ બારસ તિથિનું શ્રાદ્ધ/ બાળા ભોળાનુ શ્રાદ્ધ સંન્યાસીઓનુ શ્રાદ્ધ

(૧૩) ભાદરવા વદ તેરસને શુક્રવાર તા.૧૯/૯/૨૦૨૫ તેરસ તિથિનુ શ્રાદ્ધ.. નાના બાળકોનું શ્રાદ્ધ/ મઘા શ્રાદ્ધ

(૧૪) ભાદરવા વદ ચૌદસને શનિવાર તા.૨૦/૯/૨૦૨૫ ચૌદશ તિથિનુ શ્રાદ્ધ/ શસ્ત્રથી મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ

(૧૫) ભાદરવા વદ અમાસને રવિવાર તા.૨૧/૯/૨૦૨૫ પૂનમ તથા અમાસ તિથિનુ શ્રાદ્ધ, સર્વપિતૃ અમાસ



satyasmarpannews.com | Satya Samarpan News




# વોર-૨ કરતા વશ-૨ બોક્સ ઓફિસ પર વધારે કમાઈ, પરમસુંદરી પણ ઠીકઠાક રહી

જહાનવી કપૂર અને સિદ્ધાર્થ મલ્હોત્રાની ક્રોસ કલ્ચર રોમકોમને પહેલા દિવસે ઠીકઠાક પ્રતિસાદ મળ્યો છે. ફિલ્મને મિક્સ રિવ્યુ મળ્યો છે. દિશેશ વિજનની આ રોમકોમે તેમની જ બીજી ફિલ્મ ભૂલ ચૂક માફ કરતા બોક્સ ઓફિસ પર વધારે સારું પર્ફોમ કર્યું છે. પરમસુંદરી શુક્રવારે થિયેટરોમાં રિલિઝ થઈ અને પહેલા દિવસે તેણે રૂ. ૭.૨૫ કરોડ આસપાસ કલેક્શન કર્યું હતું. ફિલ્મમાં પરમ નામના દિલ્હીના છોકરાની સુંદર નામની કેરળની છોકરી સાથેની લવસ્ટોરી છે. અગાઉ ભૂલ ચૂક માફ ફિલ્મનું ઓપનિંગ કલેક્શન રૂ. ૭ કરોડ થયું હતું.

પરમસુંદરીના લોકેશન્સ અને મ્યુઝિકે પણ દર્શકોને થિયેટરો તરફ ખેંચ્યા છે. આજે શનિ અને રવિ દરમિયાન ફિલ્મ કેટલું કલેક્શન કરે છે તે જોવાનું રહ્યું. તો બીજી બાજુ ૨૦૨૩ની




ગુજરાતી ફિલ્મ વશની સિક્વલ વશ લેવલ-૨ ગુજરાતી અને હિન્દીમાં રિલિઝ થઈ છે. આ ફિલ્મને પણ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. સાઈકો-હોરર થ્રિલર વશ લેવલ-૨ રીતિક રોશન અને જૂનિયર એનટીઆરની વોર-૨ કરતા સારી કમાણી કરી શકી છે.

વશ બુધવારે રિલિઝ કરવામાં આવી હતી, ગુજરાતીમાં પણ ફિલ્મ સારો દેખાવ કરી રહી છે. શુક્રવારે ફિલ્મે વોર-૨ અને કુલી કરતા વધારે કલેક્શન કર્યું હતું. શુક્રવારે વશનું કલેક્શન રૂ. ૮૦ લાખ રહ્યું જ્યારે વોર-નું કલેક્શન રૂ. ૬૫ લાખ રહ્યું હતું. જોકે હજુ સુધી ઈન્ડિયન બોક્સ ઓફિસ પર ફિલ્મ ૨.૫ કરોડ કલેક્ટ કરી શકી છે. ક્રિષ્ણદેવ યાજ્ઞિકની આ ફિલ્મે નેશનલ એવોર્ડ મેળવ્યો છે ને ફિલ્મની અભિનેત્રી જાનકી બોડીવાલાએ પણ સર્પોટિંગ એક્ટરનો નેશનલ એવોર્ડ મેળવ્યો છે.

# સની સંસ્કારી કી તુલસી કુમારીનું ટીઝર રિલિઝઃ ગમે તે પિરસી ન દે તો સારું, ટીઝર તો નથી દમદાર

વરુણ ધવન અને જહાનવી કપૂર અભિનીત ફિલ્મ ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ના ટીઝરની દર્શકો ઘણા સમયથી અતુરતાથી રાહ જોઈ રહ્યા. જ્યારે હવે તેમનું ટીઝર લોન્ચ થઈ ચૂક્યું છે. જેને ફિલ્મ માટે વધુ ઉત્સાહ જગાવ્યો છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન હેઠળ બનેલી આ ફિલ્મનું મોશન પોસ્ટર અગાઉ રિલીઝ થયું હતું, જેણે ચાહકોની ઉત્સુકતા વધારી હતી. જોકો લોકોની આશા પર ફિલ્મનું ટીઝર ખરુ ઉતર્યુ ન હતું. ટીઝરમાં વરુણનો મસ્તી ભર્યો અંદાજ જોવા મળ્યો હતો. જેની સાથે જહાનીવી સામાન્ય કોમેડી સીન જોવા મળી હતી. આ ફિલ્મ સિનેમા ઘરોમાં ૨ ઓક્ટોબર રિલીઝ થવા જઈ રહી છે.

ટીઝરની શરૂઆત વરુણ ધવનના રમૂજી અંદાજથી થાય છે, જ્યાં તે યોદ્ધાના કવચ અને મુગટમાં ઊભેલો તેના મિત્ર બંટુને પૂછે છે કે તે ‘બાહુબલી’ જેવો લાગે છે કે નહીં. મિત્રનો જવાબ આવે છે કે તે બાહુબલી નહીં, પરંતુ રણવીર સિંહની ધોતીમાં પ્રભાસના છોડ જેવો લાગે છે. આ પછી વરુણનું પાત્ર ભોંદુ યુવકથી



સ્ટાઈલિશ ‘સની સંસ્કારી’માં બદલાય છે. લાલ સાડીમાં જહાનવી કપૂર ‘તુલસી કુમારી’ તરીકે દેખાય છે, જ્યારે સાન્યા મલ્હોત્રા સેકન્ડ લીડ અભિનેત્રી તરીકે દેખાય છે. રોહિત સરાફ શાહરૂખ ખાનની સ્ટાઈલમાં હેલિકોપ્ટરમાંથી એન્ટ્રી કરે છે, જે જહાનવી અને સાન્યા બંનેની પસંદગીનું પાત્ર બનશે. ટીઝરની શરૂઆત સારી હતી જે બાદ ટીઝરમાં ડાન્સના દેખાડવામાં આવ્યો હતો. જેના ટીઝરની મજા બગડી ગઈ હતી. આ ફિલ્મના ટીઝરમાં ૧૯૯૯ના સોનુ નિગમના હિટ ગીત ‘તુઝે લાગે ન નઝરિયા’ની ઝલક જોવા મળે છે, જેના પર વરુણ, જહાનવી, સાન્યા અને રોહિત જોરદાર ડાન્સ કરતા દેખાય છે. ટીઝરમાં સની અને તુલસીના રોમાન્સની સાથે તેમની રમૂજી રસાકસી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જે ટીઝરમાં જોવા મળ્યો ન હતો, હવે ફિલ્મ દર્શકોને કેટલી પસંદ પડે છે તે જોવાનું રહ્યું. ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયા બાદ વરુણ, જહાનવી, સાન્યા અને રોહિતે સોશિયલ મીડિયા પર શૂટિંગની તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં તેમણે ખાસ ટી-શર્ટ પહેરેલું જોવા મળ્યું, જેના પર ફિલ્મની કહાનીનો સંકેત હતો. જહાનવી અને સાન્યાની ટી-શર્ટ પર લખ્યું હતું કે તેઓ સનીને પ્રેમ કરે છે, પરંતુ વિક્રમ (રોહિત)ને ચાહે છે. વરુણની ટી-શર્ટ પર તેના મિત્ર બંટુનું નામ હતું, જ્યારે રોહિતની ટી-શર્ટે સૂચવ્યું કે તે તુલસીને પ્રેમ કરે છે, પરંતુ અનન્યા (સાન્યા)ને ચાહે છે. આ ટી-શર્ટ્સથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં રોમેન્ટિક ગૂંચવણો અને મજેદાર ટ્વિસ્ટ જોવા મળશે. ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે, જેમાં પ્રેમ, મસ્તી અને ગૂંચવણભરી કહાનીનો સમન્વય જોવા મળશે. શશાંક ખેતાનનું દિગ્દર્શન અને ધર્મા પ્રોડક્શનનું નિર્માણ આ ફિલ્મને ખાસ બનાવે છે.

"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યુઝ"

# સત્ય સર્મપણ NEWS




## ન્યુઝ પેપરની ડિજિટલ PDF મેળવો

## ફ્રી

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરની પીડીએફ મેળવવા માટે નીચે આપેલા આઈકન પર ક્લિક કરો અને અમારી સાગે જોડાઓ...

## અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો

## માત્ર રૂપિયા 4999/- માં

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરોઃ +91 85117 58302